# ૨૪ જૂન, ૨૦૧૯ના સદ્‌ગુણ પર વ્યાખ્યા

# સદાશયતા

ગરિમા બોરવણકર દ્વારા લિખિત

*શ્રીગુરુમાઈએ ૨૪ જૂન, ૨૦૧૯ માટે જે સદ્‌ગુણ પ્રદાન કર્યો છે તે છે, 'સદાશયતા'. જીભ પર આવતા જ મધ જેવી મીઠાશ ફેલાવી દેતા, આ સુંદર શબ્દમાં અનેક સૂક્ષ્મ અને ગૂઢ લાગનારા અર્થ નિહિત છે. આપણે એક-એક કરીને દરેક સ્તર પર તેનું મનન કરવાની જરૂર છે.*

*જ્યારે પહેલીવાર ગુરુમાઈજીએ મને કહ્યું કે તેઓ ૨૪ જૂને, પોતાના જન્મદિવસના ઉપલક્ષમાં બધાંને જે સદ્‌ગુણ આપવાના છે, તે છે 'સદાશયતા', ત્યારે તેમણે મને પૂછ્યું, " 'સદાશયતા' શબ્દ સાંભળતા જ તારા મનમાં આ શબ્દ માટે કેટલા અર્થ આવે છે?" જ્યારે પહેલીવાર મેં આ શબ્દ સાંભળ્યો તો મારું હૃદય દ્રવિત થઈ ગયું. હું એ શબ્દના વિભિન્ન અર્થોને કહું, એના પહેલાં જ મને અંતરમાં એ શબ્દની અનુભૂતિ થઈ. પછી મેં ગુરુમાઈજીને 'સદાશયતા'માં રહેલા કેટલાક ગુણ કહ્યાં જે એ સમયે મને યાદ આવ્યા.*

*ગુરુમાઈજીએ કહ્યું, "બહુ સરસ. તું સદાશયતા પર વ્યાખ્યા લખજે જેથી લોકો આ સદ્‌ગુણનું અન્વેષણ અને અધ્યયન કરવાનું શરૂ કરી શકે અને તેમને જે સમજ પ્રાપ્ત થાય, તેનાથી તેઓ લાભાન્વિત થઈ શકે."*

આપણા અનુસંધાનનું પહેલું કદમ હશે, સદાશયતા શબ્દની વ્યુત્પત્તિ પર નજર નાંખવી. હિન્દીમાં તેનો ધાતુ શબ્દ છે સદાશય, જે બે શબ્દોનો બન્યો છે : સત્ અને આશય. 'સત્'નો અર્થ છે, સત્ય અને 'આશય'નો અર્થ છે, અભિપ્રાય કે ઉદ્દેશ્ય. તેથી સદાશય એક એવા ઉદ્દેશ્યને પ્રગટ કરે છે જે સત્ય છે અને હિતકારી છે.

'સદાશયતા'માં નિહિત સૂક્ષ્મતાઓ તેના અર્થને એવી ગહનતા આપે છે કે વાસ્તવમાં તેનું ભાષાંતર નથી થઈ શકતું. અંગ્રેજી ભાષાનો અથવા અન્ય કોઈ ભાષાનો કોઈપણ એક શબ્દ આ સદ્‌ગુણના સંપૂર્ણ અર્થને અભિવ્યક્ત કરવા માટે પૂરતો નથી. 'સદાશયતા', સજ્જનતા કે સાધુતાનું આવાહન કરે છે. તે ઉદારતા, દરિયાદિલી અને નિઃસ્વાર્થતાના ગુણોથી ઓતપ્રોત છે. તે સદ્‌ભાવના, મૃદુલતા અને દયાળુતાથી મહેકે છે. તે પ્રેમ અને કરુણાથી ભીંજાયેલી છે. સદાશયતા એ વિચારો અને કર્મોમાં જોવા મળે છે જે બધાંના કલ્યાણ માટે હોય છે.

સદાશયતામાં જે ગુણો નિહિત છે, તેમાંથી કેટલાક ગુણોને આપણે વધારે ધ્યાનપૂર્વક જોઈશું.

ઉદાહરણ રૂપે, સજ્જનતા કે સાધુતાને એક સન્માનનીય અને પરિષ્કૃત મનના લક્ષણરૂપે પરિભાષિત કરવામાં આવે છે. એક સજ્જન વ્યક્તિ ઉચ્ચ આદર્શોને અનુરૂપ આચરણ કરે છે. તે એવાં કર્મો કરે છે જે બીજા માટે કલ્યાણકારી હોય છે.

ઉદારતા એ ગુણ છે જેને મોટેભાગે નિષ્કપટતા અને દયાળુતા સાથે જોડવામાં આવે છે. ઉદારતા જ એ ભાવ છે જે એક વ્યક્તિને કોઈપણ જાતની અપેક્ષા વિના, આપવા માટે પ્રેરિત કરે છે. ઉદારતા વ્યક્ત કરવાની અનેક રીતો છે — દાખલા તરીકે કોઈ વ્યક્તિને કે કોઈ સંસ્થામાં ભૌતિક વસ્તુઓ આપીને, પોતાનો સમય આપીને, પોતાનું કૌશલ્ય આપીને. જોકે આવા અર્પણને 'ઉદારતા' તરીકે ત્યારે જ ઓળખવામાં આવે છે જ્યારે આ કર્મ માત્ર ભલાઈ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે, ન કે વ્યક્તિગત પ્રાપ્તિ માટે.

એક અન્ય ગુણ જે સદાશયતાના અર્થમાં અધિક વૃદ્ધિ કરે છે, તે છે, દરિયાદિલી. દરિયાદિલી માટે અંગ્રેજી શબ્દ છે 'મેગ્નેનિમિટી' અને તે લેટિન શબ્દ 'મૈગ્નસ' થી આવ્યો છે, જેનો અર્થ છે 'મહાન'. તેથી 'મેગ્નેનિમિટી' એ દરિયાદિલી, વિશાળ હૃદયનું, મૃદુલતા અને કરુણાનું દ્યોતક છે. દરિયાદિલી હોવાનો અર્થ છે, કોઈપણ પરિસ્થિતિમાં દરેક વ્યક્તિ પ્રત્યે વિવેકી અને દયાળુ રહેવું, પછી ભલે મતભેદ હોય કે સમન્વયતા, જીત હોય કે હાર.

સદાશયતા નિઃસ્વાર્થતાના ગુણથી રંગાયેલી છે. બની શકે આપણે ઘણીવાર વિચારતા હોઈએ કે નિઃસ્વાર્થતા એટલે સ્વાર્થનું ન હોવું; આપણે વિચારતા હોઈએ કે આ ન તો આપણા પોતાના વિશે વિચાર કરવા સાથે સંબંધિત છે અને ન તો બસ આપણી જ પરવા કરવા સાથે સંબંધિત છે. પણ સદાશયતામાં જે નિઃસ્વાર્થતાનો સંકેત છે તે આ અર્થથી પરે છે. તેનો સંબંધ આપણી ઇચ્છાઓની પૂર્તિની પરવા કરવાથી વધારે, બીજાંની અને આ સંસારની જરૂરિયાતની પરવા કરવા સાથે છે અને તે છે કોઈ વ્યક્તિગત યશ, નામ, પદ અથવા ધનની લાલસાના ભાવ વિના કાર્ય કરવું. જ્યારે તમે આ પ્રકારે નિઃસ્વાર્થ હોવ છો તો તમે માત્ર બીજાંને આરામ આપવાની અને બીજાનું હિત કરવાની ઇચ્છાથી પ્રેરિત થાઓ છો.

પ્રકૃતિ સદાશયતાનું પરિધાન ધારણ કરે છે — વહેતી નદીઓ પાણી પ્રદાન કરે છે, એ પાણી જે જીવન માટે અત્યંત આવશ્યક છે; ઘટાદાર વૃક્ષો સૂર્યની ગરમીથી બચવા માટે શીતળ છાયડો પ્રદાન કરે છે અને મુક્તપણે બધાંને પોતાના ફળ અને ફૂલ આપે છે; હવા બધાં પ્રાણીઓને શ્વાસ લેવા સક્ષમ બનાવે છે. એ પ્રકૃતિની સદાશયતા જ છે જે આ વૈભવશાળી અને બહુમૂલ્ય પૃથ્વી ગ્રહ પર જીવનને ટકાવી રાખે છે. પ્રકૃતિ ભગવાનની સદાશયતાનું પ્રતિબિંબ છે.

કાશ્મીરના, ચૌદમી શતાબ્દીનાં સંત-કવિયત્રી લલ્લેશ્વરી ભગવાન શિવનાં મહાન ભક્ત હતાં. પોતાના ગૂઢ કાવ્યમાં તેઓ એવી સુંદર છબીઓ પ્રસ્તુત કરે છે જે આપણને યાદ અપાવે છે કે ભગવાન શિવ બધામાં વિદ્યમાન છે. સંત લલ્લેશ્વરીના બે વિશિષ્ટ પદ મને ઘણાં પ્રિય છે :

‘ૐ નમઃ શિવાય’થી સ્પંદિત થતાં થતાં,
છોડ માટીમાંથી ઊગે છે.
‘ૐ નમઃ શિવાય’ બોલતા-બોલતા,
સાધુ પાવન નદીઓમાં સ્નાન કરે છે.
‘ૐ નમઃ શિવાય’ ગાતાં-ગાતાં
માતાઓ પોતાના શિશુઓને દૂધ પીવડાવે છે.
દરેક વસ્તુ
શિવનું નામ ગાઈ રહી છે.

* * *

સૂર્યનાં કિરણો
કોઈ ભેદભાવ નથી કરતાં.
તે બધાં ઘરમાં સમાનરૂપે પ્રવેશ કરે છે.
મેઘ કોઈ પક્ષપાત વિના
બધાં પર વર્ષા કરે છે.
એ પરમ તત્ત્વ
નિષ્પક્ષતાથી
દરેક સ્થાનમાં પોતાની પૂર્ણતામાં વિદ્યમાન છે.[૧]

જ્યારે ભગવાનનો પ્રકાશ તમારા હૃદયમાં ઝગમગી રહ્યો હોય છે ત્યારે તમે તમારી આસપાસ દરેક વસ્તુમાં તેમની ઉપસ્થિતિને જુઓ છો. તમે સમગ્ર સંસારને ભગવાનની સૃષ્ટિના રૂપે જુઓ છો. અને જ્યારે તમે આ બોધ સાથે જીવો છો તો તમારો પ્રેમ ઘણી સ્વાભાવિક રીતે સમગ્ર સૃષ્ટિને પોતાનામાં સમાવી લેવા માટે મુક્તરૂપે વહે છે. તમે ઇચ્છો છો કે આ સંસારમાં દરેક વસ્તુનો વિકાસ થાય અને તે સમૃદ્ધ થાય. પછી તમારું મન એક ઉચ્ચતર ઉદ્દેશ્ય સાથે જોડાઈ જાય છે. આ છે ‘સદાશયતા’.

એ સમજો કે આ સદ્‌ગુણના અભ્યાસમાં સહજતા છે, સદાશયતાના સદ્‌ગુણને પ્રગટ કરવા માટે તમારે કોઈપણ પ્રકારના બળનો પ્રયોગ કરવાની જરૂર નથી. અપિતુ, તમે તમારા બોધને પરિષ્કૃત કરો છો અને તેને આ જ્ઞાન સાથે એકલય કરો છો કે માત્ર તમે જ નહીં, પરંતુ આ સંસારમાં વિદ્યમાન દરેક વસ્તુ ભગવાનના પ્રેમથી, ભગવાનનાં

દર્શનથી પૂરિત છે. આ બોધ તમને પોતાનામાંથી બહાર નીકળીને આ બ્રહ્માંડ સાથે જોડાવામાં તમારી મદદ કરે છે. સદાશયતા એ આચરણ કરવાની એક રીત છે — પોતાની સાથે, બીજાં લોકો સાથે અને આ સંસાર સાથે.

## સદાશયતા માટે અભિકથન

હું સદાશયતા સાથે આગળ વધું છું.

(અભિકથન : એ કથન જેનું જાગરૂકતાથી વારંવાર ઉચ્ચારણ કરવામાં આવે છે જેથી તે આપણી ચેતનામાં ફેલાઈ જાય.)

---

[૧] *Lalleshwari*, હિન્દી ભાવાર્થ, સ્વામી મુક્તાનંદ દ્વારા અને અંગ્રેજી ભાષાંતર, સ્વામી કૃપાનંદ સાથે ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયૉર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૮૧; © ગુરુદેવ સિદ્ધપીઠ, ગણેશપુરી, ભારત) પદ ૨૦, પૃષ્ઠ ૧૦; અને પદ ૪૩, પૃષ્ઠ ૨૨.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.